# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

વ્દિતીય વર્ષ અભ્યાસક્રમ-૨

જુલાઈ 2024

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. જ્ઞાન અને દર્શનનો જે ઉપયોગ તે.................... કહેવાય.
૨. શ્રાવક ...................... રાત્રી બાકી હોય ત્યારે નવકારમંત્રનું સ્મરણ કરતાં જાગે.
૩. જ્યાં દૃષ્ટિવાદમાં સરખા પાઠ અથવા આલાવા આવે તે ....................... શ્રુત કહેવાય છે.
૪. હે અજીતનાથ ભગવાન ! તમારા નામનું કિર્તન....................... નું પ્રવર્તન કરનારૂં છે.
૫. મન અને ચક્ષુના વિષય અપ્રાપ્યકારી હોવાથી તેનો..................... ન હોય.
૬. લાંબુ આયુષ્ય, પાંચ ઇન્દ્રિયોની પૂર્ણતા, કાયાની નિરોગીતા અને શાતાકારી જીવન એ............ જીવનની ઉપલબ્ધિ છે.
૭. બીજા સાંભળી ન શકે એ રીતે કરાતો સૂક્ષ્મ જાપ..................... જાપ કહેવાય છે.
૮. જબુદ્વીપના અધિષ્ટાયક દેવનું નામ.................. છે.
૯. શાંખ, પ્રદ્યુમ્ન ફાગણ સુદ તેરસના................... નામના શિખર ઉપર સિદ્ધપદને પામ્યા.
૧૦. પોતાના આશ્રિત મનુષ્યો અને પશુઓને સમયસર ભોજન, પાણી ન આપીએ તો .............. અતિચાર લાગે.
૧૧. નવકાર મંત્રનો એક અક્ષર........................ નું પાપ દૂર કરે છે.
૧૨. જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મોના ઉદયમાં જીવ........................ નું વેદન કરે છે.
૧૩. ગૌતમસ્વામી..................... આયુષ્ય ધરાવતા હતા.
૧૪. ................. ધર્મની પરાકાષ્ટાથી જ મોક્ષની મંઝિલ મળે છે.
૧૫. ....................... સાધકને સંસારના ભૌતિક સુખો તરફ વૈરાગી અને ઉદાસીન બનાવે છે.
૧૬. હરિવર્ષ ક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્રની વચ્ચે....................... પર્વત આવેલો છે.
૧૭. સાધુની અપેક્ષાએ શ્રાવકને અણુ એટલે નાના વ્રત તેને.................. કહેવાય.
૧૮. મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોને જાણવું તે..................... છે.
૧૯. જાપ શબ્દનો 'પ'.................. કરનાર છે.
૨૦. સદ્ગતિમા ઇચ્છુક સાધક હિંસાથી સદા........................ હોય છે.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. પાણીમાં રહેલા પોરા કેટલી ઇન્દ્રિયવાળા છે ?
૨. 'શ્રી અજિત-શાંતિ સ્તવ' ના રચયિતા કોણ છે ?
૩. જ્યાં માત્ર વર્તમાન કાળનો જ વિચાર છે, આગળ, પાછળની વિચારણા નથી તે કઈ સંજ્ઞા છે ?
૪. એ તો 'મેં સ્વપ્નમાં મંદિર જ જોયું' એવો નિશ્ચય થવો તે જ્ઞાનનો કયો ભેદ છે ?
૫. શ્રી ગૌતમસ્વામીએ આજીવન કયું તપ કર્યું ?
૬. નવકારમંત્રનું સ્મરણ પરલોકમાં સુખ સાથે શું આપે છે ?
૭. શબ્દો સાંભળીને અથવા લખેલા અક્ષર વાંચીને હૃદયમાં થતા અર્થબોધને શું કહેવાય ?
૮. ચૌસઠ ખંડ કયા ક્ષેત્રના છે ?
૯. ઇન્દ્રભૂતિએ પોતાના યશના રક્ષણમાટે કોની પ્રાર્થના કરી ?
૧૦. મંત્ર જાપ કરનાર વ્યક્તિનું લક્ષ્ય શું પ્રાપ્તિનું હોવું જોઇએ ?
૧૧. સ્થવિર આચાર્યોના રચેલા શ્રુતને શું કહેવાય ?
૧૨. કુતરા, ગાય વિગેરે જીવોને બાંધી રાખવાથી કયો અતિચાર લાગે ?
૧૩. વાચિક જાપનું બીજું નામ શું છે ?
૧૪. કોના સર્વ રોગ અને પાપ નિવૃત્ત થયા છે ?
૧૫. સિંહલદ્વીપની રાજકુમારીએ કયું જિનાલય બંધાવ્યું ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) ધિઇ ૨) પમાણં ૩) સુઅ ૪) હરિવાસે ૫) નિરૂવમ ૬) પરિહી ૭) તેસટ્ઠિ ૮) ગય ૯) નિસઢે ૧૦) તત્થ ૧૧) સયા
૧૨) બીયપાસે વિ ૧૩) વંજણ-વગ્ગહ ૧૪) મઇ ૧૫) વિઉલ ૧૬) અહવા ૧૭) કિત્તણં ૧૮) સાઇ ૧૯) અત્થુગ્ગહ
૨૦) ણઉઅસયં

**પ્રશ્ન- ૪ જોડક જોડો ( ફક્ત બી ) નું નંબર લખો.** ૧૦

| એ | બી | એ | બી |
|---|---|---|---|
| ૧) ત્રિપદી | ૧) મન | ૬) નીલવંત | ૬) શ્રી અજિતનાથ ભ. |
| ૨) ભૂત-પિશાચ દૂર થાય | ૨) અનક્ષર શ્રુત | ૭) ભય વિજેતા | ૭) જન્મ-પાપ વિનાશક |
| ૩) વ્યંજનાવગ્રહ | ૩) શ્રી શાંતિનાથ ભ. | ૮) નવકાર | ૮) દ્વાદશાંગી રચના |
| ૪) જપ | ૪) શિવકુમાર | ૯) ધીરજ-બુદ્ધિ પ્રવર્તક | ૯) નિષધ |
| ૫) આંખનો ઇશારો | ૫) શંખાવર્ત | ૧૦) અર્થાવગ્રહ | ૧૦) શ્રોતેન્દ્રિય |

**પ્રશ્ન-૫ નીચે ના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. ગૌતમસ્વામીનું આયુષ્ય કેટલા વર્ષનું હતું ?
૨. સાધુને જીવદયા કેટલા વિશ્વા (વસા) ની હોય છે ?
૩. મહાજંબુવૃક્ષના ત્રીજા વલયમાં કેટલા જંબુવૃક્ષ છે ?
૪. શ્રી નંદિસૂત્રના આધારે મતિજ્ઞાનના ભેદ કેટલા ?
૫. કેટલા નવકાર ગણનાર સાધક ત્રીજે ભવે મોક્ષપદને પ્રાપ્ત કરે છે ?
૬. પ્રાણાતિપાત વિરમણ વ્રતમાં સહાયક નિયમો કેટલા છે ?
૭. ભરત ક્ષેત્રની પહોળાઇ કેટલા યોજન છે ?
૮. શ્રાવક સૂર્યોદયથી કેટલા મિનિટ પહેલા જાગે ?
૯. સિદ્ધાચલના કેટલા ખમાસણા છે ?
૧૦. ઇહાના કુલ ભેદ કેટલા છે ?

**પ્રશ્ન - ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા (×) તે જણાવો** ૧૦

૧. દયા ધર્મનું મૂળ છે માટે જ સદ્ગતિના ઇચ્છુક સાધક હિંસાથી દૂર ભાગે છે.
૨. છ ગાઉના યાત્રા માર્ગે શાંબ-પ્રદ્યુમ્નની દેરી પાસે શ્રી અજિત-શાંતિ સ્તવની રચના થઇ છે.
૩. બરાબર ખાઇ-પીને જાપ કરવા બેસીએ તો એકાગ્રતા સારી આવે છે.
૪. સાધુને તો નવપ્રકારના પરિગ્રહનું પરિમાણ કરી રાખેલું હોય તે માટે એને મહાવ્રત હોય.
૫. આ સાપ છે કે દોરડું એવી વિચારણા તે સ્પર્શેન્દ્રિય અપાય છે.
૬. ભમરા ચઉરિન્દ્રિય છે.
૭. દિક્ષા લીધી ત્યારે ગૌતમ સ્વામી મહાવીર સ્વામી કરતાં ૨૦ વર્ષ મોટા હતાં.
૮. સવારના યથાસમય જાગનારને બુદ્ધિ-ઋદ્ધિ અને આયુષ્યની હાનિ થાય છે.
૯. ભરત-ઐરાવત ક્ષેત્રમાં શ્રુતનો પ્રારંભ પણ છે અને અંત પણ છે.
૧૦. હે અજિતનાથ ભ. આપના નામનું કિર્તન ઉપદ્રવનાશક અને દુઃખનાશક છે.

**પ્રશ્ન - ૭ નીચેનું વાક્ય ક્યા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. પુષ્પમાં સુગંધ અને ચંદ્રમામાં જેમ અમૃત રહેલ છે તેમ શરીરમાં આત્મા રહેલ છે.
૨. હું બળજબરીથી કોઇની પાસેથી કામ કરાવીશ નહીં.
૩. જ્યાં શરીરાદિની પ્રાપ્તિ થાય ત્યાં અવશ્ય ઉચ્ચ અને નીચ ગોત્ર હોય જ.
૪. જગતના ગુરૂ અને શાંતિ તથા જ્ઞાનાદિ ગુણોના કર્તા એ બંને જિનવરોને હું પ્રણામ કરું છું.
૫. મિથ્યાદૃષ્ટિ પાસે રહેલું શ્રુત તે મિથ્યાશ્રુત કહેવાય છે.
૬. સૂર્યને બધા ઓળખે એમાં નવાઇ શી ?
૭. આરાધનામાં સુસ્ત અને સંસારમાં મસ્ત બનીએ છીએ જેથી દુઃખમાં ત્રસ્ત બનવાનો સમય આવે છે.
૮. ભવ્ય જીવોના એકાંત કલ્યાણને અર્થે ધર્મતીર્થની સ્થાપના કરે છે.
૯. નવકારમંત્ર તારૂં રક્ષણ કરશે.
૧૦. આ ઝાડ છે કે કોઇ માણસ છે ?

**પ્રશ્ન - ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. ઇહા અને અપાયમાં શું ફરક છે ?
૨) ગૌતમસ્વામીની લબ્ધિઓનું સંક્ષિપ્ત વર્ણન કરો ?
૩. ભરત ક્ષેત્ર સાથે જોડાયેલા પ્રદેશમાં કેટલા ખંડ છે ? ક્યા ક્યા ?
૪) તમારા જીવનમાં નવકાર મહામંત્રની સાધના કેવી છે ? જણાવો.
૫) પ્રાણાતિપાત વિરમણ વ્રતના અતિચાર સમજાવો.

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઇટ www.shatrunjayaacademy.com